ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સીટીની ડીગ્રી ધરાવતા હોય તેવા સ્નાતકને ફાઈનલ રજીસ્ટ્રેશન ઓનલાઈન કરવા માટેની માર્ગદર્શિકા

ઓનલાઈન બટન પર ક્લિક કરતા એક વિન્ડો ઓપન થશે જેમાં આપને નીચે create an Account પર ક્લિક કરી તેમાં આપ આ કચેરીનું રજીસ્ટ્રેશન ધરાવો છો કે કેમ તેમાં no સિલેક્ટ કરવાનું રહેશે. આપની ડીગ્રીમાં જણાવેલ નામ મુજબ ફરજીયાત આપનું નામ એન્ટર કરી આપનો email,આધારકાર્ડ નંબર તથા મોબાઈલ નંબર એન્ટર કરી આપનો પાસવર્ડ નક્કી કરી register બટન ક્લિક કરતા આપના મોબાઈલ પર otp આવશે જે submit કરતા આપનું આઇડી બની જશે. ત્યારબાદ goto login પર જઈ આપનો email id અને પાસવર્ડ દાખલ કરી લોગીન થશો.

ત્યારબાદ આપની personal detail તથા Academic detail એન્ટર કરી save કરવાનું રહેશે.

ત્યાર બાદ આપને Apply for Final Registration પર ક્લિક કરતા કચેરી ધ્વારા માંગેલ document upload કરવાના રહેશે અને ત્યારબાદ save કરતા આપના પ્રમાણપત્રો વેરીફીકેશન માટે ગુજરાત આયુર્વેદ બોર્ડની ઓફીસ રૂબરૂ જવા માટેની તારીખ નક્કી કરવાની રહેશે. અને એપ્લીકેશન ફોર્મ ની પ્રિન્ટ સાથે આપે નક્કી કરેલ તારીખે રૂબરૂ આપના અસલ પ્રમાણપત્રો સાથે વેરીફીકેશન માટે કચેરીએ હાજર રહેવું.

કચેરી ધ્વારા આપની ઓનલાઈન એપ્લીકેશન મંજુર કરતા આપને ઓનલાઈન payment બાબતનો મેસેજ આવશે જે મેસેજ આવ્યા બાદ આપે ફરી લોગીન થઇ ઓનલાઇન પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થતા કચેરી ધ્વારા આપના જરૂરી પ્રમાણપત્રોનું વેરીફીકેશન કરાયા બાદ રજીસ્ટ્રેશન તૈયાર થયા બાદ મોકલી આપવામાં આવશે.

નોંધ: જેઓ CCIM ના શિડયુઅલ મુજબની માન્ય લાયકાત ધરાવતા હોય તેવા સ્નાતક ઓનલાઈન અરજી કરવાની રહેશે. અમાન્ય લાયકાત ધરાવતા વ્યક્તિ ઓનલાઈન અરજી કરશે તો તેમની અરજી રદ કરવામાં આવશે અને કચેરી ધ્વારા તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી થઇ શકે છે.